ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

ફોન પર મિસ્ડ કોલ કરી ભાડાના બહાને હજારોની છેતરપિંડીનો પ્રયાસ

બોડેલીમાં વાહનચાલકોને નિશાન બનાવતી ઠગ ટોળકી સક્રિય!

ખિસ્સામાં પૈસા ન હોવાથી મોટી છેતરપિંડીથી બચ્યા

રૂ. ૪,૬૦૦નાં આંગળિયાં કરાવવાનું કહી પૈસા પડાવવાની ચાલ

(પ્રતિનિધિ) બોડેલી, તા.20

છોટાઉદેપુર જિલ્લાના બોડેલીમાં વાહનચાલકો માટે ચેતવણી સમાન કિસ્સો સામે આવ્યો છે. બોડેલીના મહમ્મદ શકીલ નામના વ્યક્તિ ઈક્કો વાહન ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. તારીખ 19-11-2026ના રોજ બપોરે આશરે દોઢ વાગ્યાના અરસામાં તેઓ જમવા બેઠા હતા, ત્યારે તેમના મોબાઈલ પર એક મિસ્ડ કોલ આવ્યો હતો. કોઈ ગ્રાહકનો કોલ હશે તેમ માની તેમણે સામેથી ફોન કરતાં અજાણ્યા વ્યક્તિએ પાંચ કટ્ટા મગ ડાકોર મંદિર ખાતે લઈ જવાનું કહી રૂ. 3,000 ભાડું આપવાનું નક્કી કર્યું હતું.



ત્યારબાદ ફરી ફોન કરી મગના કટ્ટા સાફ થઈ રહ્યા હોવાનું જણાવી હાલોલથી ચણાનો એક કટ્ટો લઈ આવવા અને તેના વધારાના રૂ. 2,000 આપવાની વાત કરી હતી. ત્યારબાદ ફરી ફોન કરીને એક વ્યક્તિ પાસેથી રૂ. 40,000 લેવાના હોવાનું જણાવી તેમાંથી રૂ. 5,000 ભાડા પેટે આપવાની લાલચ આપી હતી. આટલું જ નહીં, ત્યારબાદ રૂ. 4,600 આંગળિયાં કરાવવાના હોવાનું કહી શકીલભાઈને આંગળિયાં કરવા મોકલવામાં આવ્યા હતા. જોકે, આંગળિયાં કેન્દ્ર પર પહોંચતાં તેમને જાણવા મળ્યું કે રૂ. 4,600 તો તેમણે પોતાના ખિસ્સામાંથી જ ચૂકવવાના છે. શકીલભાઈ પાસે તે સમયે આંગળિયાં કરવાના પૈસા ન હોવાથી તેઓ વધુ મોટી છેતરપિંડીનો ભોગ બનતાં બચી ગયા હતા. જોકે, આ સમગ્ર ઘટનામાં તેમનો હાલોલ સુધીનો એક ધક્કો અને સમયનો બગાડ થયો હતો. આ કિસ્સો અન્ય વાહનચાલકો માટે ચેતવણી સમાન છે. અજાણ્યા વ્યક્તિઓ દ્વારા ફોન પર વધુ ભાડાની લાલચ આપી અલગ-અલગ બહાને પૈસા મંગાવવામાં આવે તો સાવચેત રહેવું અને કોઈપણ પ્રકારની ખાતરી કર્યા વગર પોતાના ખિસ્સામાંથી પૈસા ચૂકવવા નહીં, તેવી અપીલ કરવામાં આવે છે.

નંબર પ્લેટ વગરનાં વાહનો સાથે સગીરો બેફામ દોડાવતા ટુ-વ્હીલર

ડભોઈ પોલીસની નાક નીચે ટીન એજર બાઈક રાઈડર્સનો આતંક !!

લાલબજાર, ટાવર અને ડેપો વિસ્તારમાં ટ્રાફિક નિયમોના ધજાગરા

(પ્રતિનિધિ) ડભોઈ, તા.20

ડભોઈ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી નંબર પ્લેટ વગરનાં ટુ-વ્હીલર અને 18 વર્ષથી નાની ઉંમરના બાળકો દ્વારા વાહન ચલાવવાનો ક્રેઝ વધી રહ્યો છે. લાલબજાર, ટાવર અને ડેપો જેવા વિસ્તારોમાં ટીનેજરો બેફામ અને ઓવરસ્પીડમાં વાહનો હંકારતા જોવા મળે છે. ટ્રાફિક પોલીસની પૂરતી દેખરેખ ન હોવાને કારણે આવા સગીર વાહનચાલકોને જાણે કોઈનો ડર રહ્યો નથી.

ડભોઈના સાંકડા માર્ગો પર દિવસ દરમિયાન ભારદારી વાહનોની અવરજવર રહેતી હોવાથી પહેલેથી જ ટ્રાફિકની સમસ્યા વિકટ બની છે. તેમાં ટીનેજરોના બેફામ વાહનચાલનથી રાહદારીઓની મુશ્કેલી વધી રહી છે. મુખ્ય બજારોમાં ફૂટપાથની સુવિધા ન હોવાથી સિનિયર સિટીઝનોને પણ રસ્તા પરથી પસાર થવું જોખમી બની રહ્યું છે.

વગદાર સૂત્રોના જણાવ્યા મુજબ, રાત્રિના સમયે રાધે કોમ્પ્લેક્સ, ડેપો અને શિનોર ચોકડી જેવા ટ્રાફિકથી ધમધમતા વિસ્તારોમાં ટીનેજરો રેસ લગાવતા હોવાની ફરિયાદો છે. જેના કારણે અકસ્માતનો ભય સતાવી રહ્યો છે.

પોલીસ તંત્ર દ્વારા સગીર વાહનચાલકો અને નંબર પ્લેટ વગરનાં વાહનો સામે સુનિયોજિત ચેકિંગ હાથ ધરી કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માગ ઉઠી છે. પેટ્રોલ પંપો પર પણ સગીરોને પેટ્રોલ આપવાનું અટકાવવામાં આવે તો સમસ્યામાં ઘટાડો થઈ શકે છે. અકસ્માત બાદ કાર્યવાહી કરવાને બદલે અગમચેતીનાં પગલાં લેવાનો સમય આવી ગયો છે. શહેરમાં ટ્રાફિક શિસ્ત જળવાય અને નિર્દોષ રાહદારીઓની સુરક્ષા જોખમાય નહીં તે માટે તંત્ર તાત્કાલિક સતર્ક બને તેવી નગરજનોની લાગણી છે.

સંખેડાથી ડાકોર પગપાળા સંઘ આજે વહેલી સવારે રવાના થયો

(પ્રતિનિધિ) સંખેડા, તા. 20

સંખેડાથી ડાકોરનો 45 વર્ષ જૂની પરંપરા ધરાવતો પગપાળા સંઘ આજે વહેલી સવારે ભક્તિમય માહોલમાં રવાના થયો હતો. આ વર્ષે આશરે 80થી વધુ યુવાનો, મહિલાઓ અને વડીલો પદયાત્રામાં જોડાયા છે. સંઘના પ્રસ્થાન સમયે 'જય રણછોડ'ના જયઘોષથી સમગ્ર વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું. હાથમાં ધજા-પતાકા અને ખભે થેલા સાથે નીકળેલા પદયાત્રીઓને વિદાય આપવા મોટી સંખ્યામાં નગરજનો ઉમટી પડ્યા હતા.

45 વર્ષ પહેલાં શરૂ થયેલી આ યાત્રા આજે પણ પેઢી દર પેઢી શ્રદ્ધા અને ભક્તિ સાથે આગળ વધી રહી છે. યુવા પેઢી પણ ઉત્સાહપૂર્વક આ પરંપરાને જાળવી રહી છે.



પદયાત્રા અંગે મહેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ડાકોરના રણછોડરાય પ્રત્યેની અપાર શ્રદ્ધાથી દર વર્ષે આ સંઘ નીકળે છે. ભગવાનના આશીર્વાદથી યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થાય છે. યાત્રામાં જોડાયેલા તમામ ભક્તો એક પરિવારની જેમ સાથે ચાલે છે અને એકબીજાની સેવા કરે છે.

પદયાત્રીઓ માટે ભોજન, પીવાનું પાણી અને આરામની વ્યવસ્થા કરવામાં આવી છે. ડાકોર પહોંચ્યા બાદ તમામ ભક્તો રણછોડરાયનાં દર્શન કરી ધન્યતા અનુભવશે.

વડુ ગામે શ્રીરામ મહાયજ્ઞ અને રજત જયંતિ મહોત્સવનું આયોજન

(પ્રતિનિધિ) પાદરા, તા. 20

પાદરા તાલુકાના વડુ ગામે શ્રી મારુતિનંદન હનુમાનજી મંદિર ખાતે તા. 21થી 25 નવેમ્બર દરમિયાન શ્રીરામ મહાયજ્ઞ, રજત જયંતિ મહોત્સવ, ધર્મસભા અને સંત સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. મધ્ય ગુજરાત શ્રી રામાનંદ વિરક્ત મંડળના 20 વર્ષ પૂર્ણ થતાં 21મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે આ મહોત્સવ યોજાશે. પાંચ દિવસીય કાર્યક્રમમાં સંતો-મહંતો, મહામંડલેશ્વરો અને આચાર્યોની ઉપસ્થિતિમાં ધાર્મિક વિધિઓ તથા સંતદર્શનનું આયોજન કરાયું છે. તા. 23 નવેમ્બરે વિશેષ સંતદર્શન યોજાશે. મહામંડલેશ્વર મહંત જમનાદાસજી મહારાજ તથા સમસ્ત ગ્રામજનો અને સીતારામ પરિવાર દ્વારા ધર્મપ્રેમી જનતાને ભાવભર્યું આમંત્રણ પાઠવાયું છે.

રામપુરાથી સાળંગપુર પદયાત્રા સંઘ ૨૦મા વર્ષે મંગળ પ્રવેશ સાથે નીકળ્યો

॥ જય શ્રી કષ્ટભંજન દેવ ॥ ના નાદ સાથે ભક્તોમાં અનેરો ઉત્સાહ

(પ્રતિનિધિ) સંખેડા, તા. 20

સંખેડા તાલુકાના રામપુરા ગામેથી રામપુરા રાજપૂત યુવા સેના દ્વારા આયોજિત રામપુરાથી સાળંગપુર પદયાત્રા સંઘનું 20મા વર્ષે મંગળ પ્રવેશ સાથે ભવ્ય પ્રસ્થાન થયું હતું. તા. 20 નવેમ્બર, 2026ના રોજ શુક્રવારે સવારે મોટી સંખ્યામાં ભક્તો કષ્ટભંજન દેવ હનુમાનજીનાં દર્શનાર્થે સાળંગપુર જવા પદયાત્રાએ નીકળ્યા હતા.

પદયાત્રાના પ્રસ્થાન સમયે સમગ્ર ગામ ભક્તિમય વાતાવરણમાં રંગાઈ ગયું હતું. 'જય શ્રી કષ્ટભંજન દેવ'ના જયઘોષથી વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું. છેલ્લા 20 વર્ષથી યુવા સેના દ્વારા આ પદયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે 20મા વર્ષમાં પ્રવેશ થતાં યુવાનો અને ગ્રામજનોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો.



પદયાત્રીઓની સુવિધા માટે આયોજકો દ્વારા ભોજન, પીવાનું પાણી, આરામ અને તબીબી સારવારની વ્યવસ્થા કરવામાં આવી છે. યુવા સેનાના કાર્યકરો સમગ્ર યાત્રા દરમિયાન સેવાકીય કામગીરીમાં જોડાશે. સાળંગપુર પહોંચ્યા બાદ ભક્તો કષ્ટભંજન દેવનાં દર્શન કરી ધન્યતા અનુભવશે.

પાદરા કાછિયા પટેલ પ્રગતિ મંડળ દ્વારા ૩૩મો સમૂહ લગ્નોત્સવ યોજાશે

(પ્રતિનિધિ) પાદરા, તા. 20

પાદરા કાછિયા પટેલ પ્રગતિ મંડળ દ્વારા સામાજિક એકતા અને સમૂહ લગ્નની ભાવનાને પ્રોત્સાહન આપવા 33મા સમૂહ લગ્નોત્સવનું આયોજન આગામી તા. 12 ફેબ્રુઆરી, 2027ના રોજ કરવામાં આવ્યું છે. તેમાં સમગ્ર ગુજરાતના કાછિયા પટેલ સમાજનાં યુવક-યુવતીઓ ભાગ લઈ શકશે. ખાસ કરીને સમાજની યુવતીઓ માટે નિઃશુલ્ક લગ્નની વ્યવસ્થા કરવામાં આવી છે. નોંધણી વહેલા તે પહેલાના ધોરણે થશે. ઈચ્છુક યુગલોના વાલીઓએ તા. 31 ડિસેમ્બર, 2026 સુધીમાં ચીમનભાઈ ચોકસી (ચોકસી બજાર, પાદરા) અથવા ભુપેન્દ્રભાઈ ગાંધી (51, નરસિંહ નગર સોસાયટી, પાદરા) પાસેથી ફોર્મ મેળવી લેવા આયોજકોએ જણાવ્યું છે.

ભરૂચમાં બસ-ટેન્કર અકસ્માત, બેના મોત, ૩૫ ઘાયલ

ધોરાજીથી સુરત જઈ રહેલી લક્ઝરી બસ દેરોલ પાસે ટેન્કર સાથે અથડાઈ

(પ્રતિનિધિ) ભરૂચ, તા. 20

ભરૂચના દેરોલ પાસે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર શુક્રવારે વહેલી સવારે ૫:૩૦ વાગ્યાના અરસામાં લક્ઝરી બસ અને ટેન્કર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ધોરાજીથી સુરત લગ્નપ્રસંગમાં જઈ રહેલી બસ ટેન્કર સાથે ધડાકાભેર અથડાતાં બસના ડ્રાઇવર નવીન દાનાભાઈ ભારાઈ અને ક્લીનર રમેશ ગોવિંદ સોલંકી સહિત બે લોકોનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે ૬થી ૭ વર્ષનાં બાળકો સહિત ૩૦થી ૩૫ મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા.

અકસ્માને પગલે ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. બનાવની જાણ થતાં ૧૦૮ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ઈજાગ્રસ્તોની સંખ્યા વધુ હોવાથી આસપાસની સાતથી આઠ એમ્બ્યુલન્સની મદદ લેવામાં આવી હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

૧૦૮નાં ઈએમટી અસ્મા મલેકના જણાવ્યા અનુસાર, અકસ્માતમાં કેટલાક મુસાફરોને સામાન્ય તો કેટલાકને ગંભીર ઈજાઓ પહોંચી છે. ઘટનાને પગલે હાઈવે પર પણ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

માતાજીના રથ સાથે ભવ્ય શોભાયાત્રા, વિવિધ સ્થળોએ સ્વાગત થયું

સતત ૨૭મા વર્ષે પાદરાથી ઊંઝા ઉમિયા માતાજીની પગપાળા યાત્રાનો પ્રારંભ

(પ્રતિનિધિ) પાદરા, તા.20

નવા વર્ષના પ્રારંભ સાથેપાદરા નગરમાંથી વિવિધ ધાર્મિક સ્થળોએ પગપાળા યાત્રા સંઘો પ્રસ્થાન કરી રહ્યા છે, ત્યારે પાદરાથી ઊંઝા ઉમિયા માતાજીનો પગપાળા યાત્રા સંઘ સતત ૨૭મા વર્ષે શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે પ્રસ્થાન કર્યું હતું.

યાત્રા પ્રસ્થાન પૂર્વે પાદરા નગરમાં માતાજીના રથ સાથે ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં માઈભક્તો અને શ્રદ્ધાળુઓ જોડાયા હતા. માતાજીના રથનું નગરના વિવિધ વિસ્તારોમાં ભાવભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. શોભાયાત્રા દરમિયાન ભક્તિમય માહોલ સર્જાયો હતો.



શોભાયાત્રા પાદરાના ખત્રી મહારાજ મંદિર ખાતે પહોંચતા મંદિરના ટ્રસ્ટીઓ અને આગેવાનો દ્વારા માતાજીના રથનું સ્વાગત કરવામાં આવ્યું હતું. માતાજીને પુષ્પ અર્પણ કરી ઉપસ્થિત ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

પગપાળા યાત્રા સંઘના શ્રદ્ધાળુઓ ઊંઝા ખાતે ઉમિયા માતાજીના ધામે પહોંચીને ધ્વજારોહણ કરશે. આ ઉપરાંત નવચંડી યજ્ઞ સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. સતત ૨૭ વર્ષથી ચાલી આવતી આ પગપાળા યાત્રાની પરંપરાને લઈને માઈભક્તોમાં ભારે ઉત્સાહ અને શ્રદ્ધાનો માહોલ જોવા મળ્યો હતો.

વડોદરાના સેવાસી ખાતે WOSH-2026 કાર્યક્રમનું ઉદ્ઘાટન

(પ્રતિનિધિ) વડોદરા, તા. 20

વડોદરાના સેવાસી ખાતે GUJARAT WOSH-2026 (વર્લ્ડ ઓફ ઓક્યુપેશનલ સેફ્ટી એન્ડ હેલ્થ) કાર્યક્રમનું ઉદ્ઘાટન શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તથા ગ્રામવિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર શ્રમિકોના આરોગ્ય અને સલામતી માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. કોઈપણ રાજ્યનો સાચો વિકાસ ત્યારે જ શક્ય બને જ્યારે શ્રમિકો સલામત, સ્વસ્થ અને સન્માનિત હોય. ગુજરાત વીજ ઉત્પાદન, કેમિકલ, ફાર્માસ્યુટિકલ્સ, એન્જિનિયરિંગ અને બંદર વિકાસનું અગ્રણી કેન્દ્ર બન્યું છે, જેમાં લાખો શ્રમિકોનું યોગદાન છે. તેમણે 'શૂન્ય અકસ્માત, સ્વસ્થ શ્રમિક અને સમૃદ્ધ ઉદ્યોગ'નું લક્ષ્ય સિદ્ધ કરવા સૌને સહયોગ આપવા અપીલ કરી હતી. કાર્યક્રમમાં ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગના ડાયરેક્ટર પી.એસ. શાહે ઔદ્યોગિક અકસ્માતો ઘટાડવા સરકાર, નિષ્ણાતો અને ઉદ્યોગોએ સંકલિત પ્રયાસો કરવા જણાવ્યું હતું.

આ તકે મંત્રીના હસ્તે SAMA સેફ્ટી કેલેન્ડર-2027નું વિમોચન, વિવિધ ઈન્ડસ્ટ્રીઝની સેફ્ટી વાન તથા બે દિવસીય સેફ્ટી એક્સપોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગુજરાત રિફાઈનરીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર બિપ્લવ બિશ્વાસ સહિત ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સરપંચની તરફેણમાં પાંચ અને વિરુદ્ધમાં ચાર મત પડતાં દરખાસ્ત નામંજૂર

નસવાડીના મોધલા ગ્રામ પંચાયતમાં સરપંચ સામેની અવિશ્વાસની દરખાસ્ત નામંજૂર, સરપંચની જીત

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.20

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાની મોધલા ગ્રામ પંચાયતમાં સરપંચ વિરુદ્ધ મૂકવામાં આવેલી અવિશ્વાસની દરખાસ્ત મતદાનમાં નિષ્ફળ રહી હતી. ચૂંટણી અધિકારીની હાજરીમાં ગ્રામ પંચાયત કચેરી ખાતે યોજાયેલા મતદાનમાં સરપંચની તરફેણમાં પાંચ અને વિરુદ્ધમાં ચાર મત પડ્યા હતા. આમ, બહુમતી મળતાં સરપંચ પોતાનું પદ જાળવી રાખવામાં સફળ રહ્યા હતા.

સરપંચ સામે અવિશ્વાસની દરખાસ્ત રજૂ થયા બાદ પંચાયતના સભ્યો વચ્ચે રાજકીય ખેંચતાણ જોવા મળી રહી હતી. મતદાન બાદ પરિણામ જાહેર થતાં



સરપંચને મોટી રાહત મળી હતી, જ્યારે દરખાસ્ત મૂકનાર સભ્યોને નિરાશા સાંપડી હતી. જોકે, મતદાન પૂર્ણ થયા બાદ પંચાયત કચેરી ખાતે માહોલ ગરમાયો હતો. અવિશ્વાસની દરખાસ્ત મૂકનાર મહિલા સભ્યો પૈકીની એક સભ્ય અને મહિલા ડેપ્યુટી સરપંચ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. મહિલા સભ્યએ ડેપ્યુટી સરપંચને ઉદ્દેશીને 'તું ફૂટી ગઈ પછી અમને શું કામ બદનામ કર્યા?' તેમ કહેતાં બંને વચ્ચે ચકમક જામી હતી.

આ ઘટનાને પગલે પંચાયત કચેરી ખાતે અફરાતફરી સર્જાઈ હતી. મામલો વધુ વણસે તે પહેલાં પોલીસે દરમિયાનગીરી કરી બંને પક્ષોને સમજાવી મામલો થાળે પાડ્યો હતો. આમ, અવિશ્વાસની દરખાસ્ત નિષ્ફળ રહી, પરંતુ મતદાન બાદનો આંતરિક વિવાદ ચર્ચાનો વિષય બન્યો છે.

વડોદરાની ફોરમ બ્રહ્મભટ્ટે એશિયન ચેમ્પિયનશિપમાં પાંચ મેડલ જીત્યા

ગુજરાતની એકમાત્ર મહિલા ખેલાડી તરીકે જુનિયર કેટેગરીમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા. 20

વડોદરાની 20 વર્ષીય ખેલાડી ફોરમ બ્રહ્મભટ્ટે યુએઈના રાસ અલ ખૈમાહ ખાતે તા. 10થી 16 નવેમ્બર દરમિયાન યોજાયેલી 2026 એશિયન ચેમ્પિયનશિપમાં શાનદાર પ્રદર્શન કરી ભારત અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. ગુજરાતની એકમાત્ર મહિલા પ્રતિનિધિ તરીકે જુનિયર કેટેગરીમાં ભાગ લેનાર ફોરમે કુલ પાંચ મેડલ જીત્યા છે. જેમાં બે ટીમ ગોલ્ડ, એક વ્યક્તિગત સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે.

બાયએથલ અને લેસર રનમાં બે ટીમ ગોલ્ડ, બાયએથલમાં વ્યક્તિગત સિલ્વર તથા ટ્રાયએથલ અને લેસર રનમાં બે બ્રોન્ઝ મેડલ મેળવી તેણે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. આ સ્પર્ધામાં 10 દેશોના આશરે 600 ખેલાડીઓએ ભાગ લીધો હતો. ફોરમે કોચ કૃષ્ણા પંડ્યાના માર્ગદર્શન હેઠળ પાંચ મહિના સુધી સખત તાલીમ લીધી હતી. વિવેક સિંહ બોરાલિયાનો પણ તેને કોચિંગ સહયોગ મળ્યો હતો. 10 વર્ષની ઉંમરથી સ્વિમિંગ સાથે જોડાયેલી ફોરમે અગાઉ પણ રાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં સફળતા મેળવી છે.

ફોરમે પોતાની સફળતાનો શ્રેય કોચ અને માતા-પિતાના સતત માર્ગદર્શન તથા પ્રોત્સાહનને આપ્યો છે. હવે તે આગામી રાષ્ટ્રીય સ્પર્ધાઓ અને કોમનવેલ્થ ગેમ્સને લક્ષ્ય બનાવી રહી છે.

ખેતરમાં જતી 20 વર્ષીય યુવતી પર સવારે સાત વાગ્યે હુમલો

વાઘવાના મોતીપુરા ફળિયામાં બે બચ્ચાં સાથે દીપડીના આંટાફેરા, યુવતી પર હુમલો કરતાં ફફડાટ

(પ્રતિનિધિ) બોડેલી, તા.20

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના વાઘવા ગામના મોતીપુરા ફળિયામાં બે બચ્ચાં સાથે દીપડીના આંટાફેરા જોવા મળતાં ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે. દરમિયાન ખેતરમાં કામકાજ અર્થે જતી 20 વર્ષીય રાઠવા રિન્કુબેન વિક્રમભાઈ પર દીપડીએ હુમલો કરતાં તેઓ ઘાયલ થયાં હતાં.

પ્રાપ્ત વિગતો મુજબ, સવારે આશરે 7 વાગ્યે રિન્કુબેન ખેતરમાં જતાં હતાં ત્યારે અચાનક દીપડીએ તેમના પર હુમલો કર્યો હતો. યુવતીએ હિંમત રાખીને બૂમાબૂમ કરતાં દીપડાની ચુંગાલમાંથી બચવામાં સફળતા મેળવી હતી. જોકે, શરીરના વિવિધ ભાગે ઈજાઓ થતાં તેમને સારવાર માટે



બોડેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. યુવતીના જણાવ્યા મુજબ, ઘટનાસ્થળે દીપડી સાથે બે બચ્ચાં પણ હતાં.

ઘટનાની જાણ થતાં વિજયભાઈ રાઠવા તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને 108 એમ્બ્યુલન્સની મદદથી યુવતીને હોસ્પિટલ પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી. બીજી તરફ, વન વિભાગને જાણ કરવામાં આવતાં RFO જોશનાબેન રાઠવા સહિતના કર્મચારીઓ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. બે બચ્ચાંની સુરક્ષાને લઈને દીપડીએ હુમલો કર્યો હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. વન વિભાગે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. ગામના રહેણાક વિસ્તારમાં દીપડી અને બચ્ચાંની હાજરીને પગલે ગ્રામજનોમાં ભયનો માહોલ છે.

વસ્તી ગણતરી બીજા તબક્કા માટે વડોદરા જિલ્લા કક્ષાના તાલીમ વર્ગનું આયોજન

ગાંધીનગરના નોડલ અધિકારીઓએ બે દિવસીય તાલીમમાં વિસ્તૃત સમજ આપી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 20

વડોદરા જિલ્લામાં જનગણના-2027ની વસ્તી ગણતરીના બીજા તબક્કાની કામગીરી માટે જિલ્લા કક્ષાના બે દિવસીય તાલીમ વર્ગનું આયોજન જૂની કલેક્ટર કચેરીના કોઠી બિલ્ડિંગ સ્થિત ધારાસભા હોલ ખાતે કરવામાં આવ્યું હતું.

વસ્તી ગણતરીના બીજા તબક્કાની કામગીરી અંગે અધિકારીઓને વિસ્તૃત માર્ગદર્શન આપવાના હેતુથી યોજાયેલા તાલીમ વર્ગમાં ગાંધીનગરની વસ્તી ગણતરી કચેરીના નોડલ અધિકારીઓ ડી.સી. પટેલ અને અપૂર્વ જાદવ દ્વારા તાલીમ આપવામાં આવી હતી. જેમાં એપ્લિકેશનની ડમી પ્રેક્ટિસ, પ્રેક્ટિકલ કામગીરી, ડેટાની ગુણવત્તાની ખાતરી તેમજ પુરાવા આધારિત કામગીરી સહિતના વિવિધ મુદ્દાઓ અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

આ તાલીમ વર્ગમાં અધિક ચીટનીશ રીટા રામી, મામલતદારો, ચીફ ઓફિસરો, નાયબ મામલતદારો તેમજ વસ્તી ગણતરીની કામગીરી માટે નિયુક્ત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તાલીમના માધ્યમથી આગામી વસ્તી ગણતરીની કામગીરી વધુ ચોકસાઈપૂર્વક અને સુવ્યવસ્થિત રીતે થાય તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

દેત્રાલની સીમમાં GETCOની 66 KV લાઈનમાંથી 2,184 મીટર વાયર ચોરાયો

(પ્રતિનિધિ) ભરૂચ, તા. 20

ભરૂચ જિલ્લાના દેત્રાલ ગામની સીમમાં GETCOની 66 KV વીજલાઈનમાંથી 2,184 મીટર એલ્યુમિનિયમ વાયર ચોરી થયાની ઘટના સામે આવી છે. ચોરાયેલા વાયરનું વજન 2,127 કિલોગ્રામ અને કિંમત રૂ. 4,41,522 આંકવામાં આવી છે. ધનરાજ પાવર પ્રા.લિ.ના પ્રોજેક્ટ મેનેજર સત્યમભાઈ બુહા અને સુપરવાઈઝર ધર્મેશભાઈ રાવલ પેટ્રોલિંગમાં ગયા ત્યારે ટાવર નં. 14/2થી 15/00 વચ્ચેના ચાર વાયર કપાયેલી હાલતમાં મળી આવ્યા હતા. તા. 20થી 28 ઓક્ટોબર દરમિયાન ચોરી થઈ હોવાનું અનુમાન છે. આ અંગે ભરૂચ રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.